# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-01-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## રાષ્ટ્રીય ખનીજ ચિંતન શિબિર

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રીય ખનિજ ચિંતન શિબિર-2026નું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ, કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કોલસા અને ખાણ રાજ્ય મંત્રી સતીશ ચંદ્ર દુબે ઉપસ્થિત રહેશે. આ ત્રણ દિવસીય શિબિરમાં વિવિધ રાજ્યોના ખાણકામ મંત્રી, કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ, નિષ્ણાતો અને ઉદ્યોગ હિસ્સેદારો ભાગ લેશે.

આ શિબિર ખનીજ તત્વ મિશન પર કેન્દ્રિત રહેશે, જેનો ઉદ્દેશ સ્વચ્છ ઉર્જા સંક્રમણ, અદ્યતન ઉત્પાદન અને ઉભરતી ટેકનોલોજી માટે જરૂરી મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજોની સ્થાનિક ઉપલબ્ધતાને મજબૂત બનાવવાનો છે.

**-------------------------------------------------------------------------------------**

## સોમનાથ સ્વાભિમાન પર્વ

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે 11 જાન્યુઆરી સુધી "સોમનાથ સ્વાભિમાન પર્વ"નો આરંભ થયો છે. કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત, કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી, શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં શંખનાદ સાથે આ પર્વનો શુભારંભ થયો. આ સાથે સોમનાથ મંદિર પરિસરમાં 72 કલાકના અખંડ ઓમકાર જાપનો ભવ્ય પ્રારંભ થયો છે.

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું કે સોમનાથ મંદિરની શાશ્વત ભાવનાને યાદ કરવા માટે સોમનાથ સ્વાભિમાન પર્વ આખા વર્ષ દરમિયાન દેશભરમાં ઉજવવામાં આવશે. સોમનાથ મંદિર દેશની સભ્યતાની શક્તિ અને સ્થિતિસ્થાપકતાનું પ્રમાણ છે. તેમણે કહ્યું કે આ મહોત્સવ વિશ્વને કહેવાની તક છે કે ભારત ન તો ઝૂકશે કે ન તો હારશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકોને ગુજરાતના સોમનાથ મંદિરમાં ચાલી રહેલા સોમનાથ સ્વાભિમાન પર્વમાં જોડાવા અપીલ કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે સોમનાથ સ્વાભિમાન પર્વ સનાતન સંસ્કૃતિની સાતત્ય અને સ્થિતિસ્થાપકતાનો સંદેશ ભવિષ્યની પેઢીઓ સુધી પહોંચાડવા માટે ઉજવવામાં આવી રહ્યો છે.

-----------------------------------------------------------------------------------------

## વિકસીત ભારત યુવા નેતા સંવાદ

વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ આજે નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે યોજાશે. યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું કે દેશભરના યુવા નેતાઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ વિકસિત ભારત પર તેમના વિચારો રજૂ કરવા માટે એકઠા થશે.

-----------------------------------------------------------------------------------------

## આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝની પ્રેરક ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ થશે.

પતંગ મહોત્સવમાં 50 દેશોના 135 આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ભારતના 13 રાજ્યોમાંથી 65 તથા ગુજરાતના 16 જિલ્લાઓમાંથી 871 પતંગબાજો એમ કુલ મળીને 1071 પતંગ રસિકો ભાગ લેશે. આ વર્ષે અમદાવાદ ઉપરાંત રાજકોટ, સુરત, શિવરાજપુર, વડનગર, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને કચ્છના ધોળાવીરા ખાતે પણ પતંગ મહોત્સવનું આયોજન કરાયું છે.

-----------------------------------------------------------------------------------------

# મુન્દ્રા અદાણી પોર્ટ સિદ્ધિ

મુન્દ્રા સ્થિત અદાણી સ્પેશ્યલ ઇકોનોમિક્સ ઝોને તેના મુન્દ્રા સ્થિત પોર્ટ પર લાંગરેલા 3.3 લાખ ક્યુબિક મીટરની ક્ષમતા ધરાવતા ક્રૂડ ઓઈલના જાયન્ટ જહાજનું સંચાલન કરી એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે.

ઉપરોક્ત માઉન્ટ ન્યૂ રેનોન જહાજને સીધું જેટી ઉપર સુરક્ષિત અને ઝડપી રીતે બર્થ કરીને ક્રૂડ હેન્ડલિંગ પ્રદાન કરાયું હતું. આ સિદ્ધિ ભારતની વિસ્તરતી ઉર્જા અને વેપાર મહત્વાકાંક્ષાઓ સાથે સુસંગત વિશ્વ સ્તરીય માળખાકીય સુવિધાઓ ના વિસ્તરણ માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ જહાજોના લાંગરવા માટે વિશાળ ઊંડાઈ અને સહાયક માળખાની જરૂરિયાતના કારણે વૈશ્વિક સ્તરે જૂજ બંદરો ઉપલબ્ધ છે. આ સફળ કામગીરીને કારણે મુન્દ્રા પોર્ટનો વિશ્વિક ક્રૂડ હેન્ડલિંગ હબના જૂથમાં સમાવેશ થયો છે. જે આંતરાષ્ટ્રીય દરિયાઈ નકશા પર ભારતની સ્થિતિ ને વધુ મજબૂત કરે છે.

---------------------------------------------------------------------------------------------

# માઇન લેવિંગ તાલીમ

કચ્છના સંવેદનશીલ રણ અને ક્રીક વિસ્તારોમાં સરહદની સુરક્ષા વધુ મજબૂત બનાવવા માટે ભારતીય સેનાની બાલ્ડ ઈગલ બ્રિગેડ દ્વારા બીએસએફના જવાનો સાથે મળી મિશન માઈન લેઇંગ ટ્રેનિંગનું આયોજન કરાયું હતું. આ સંયુક્ત તાલીમમાં સરહદી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને રક્ષણાત્મક રણનીતિ, ટેક્નિકલ કુશળતા અને મેદાની પડકારોને સામનો કરવાની તૈયારી પર વિશેષ ભાર મૂકાયો હતો.

---------------------------------------------------------------------------------------------

# માંડવી NNC યુવા તાલીબ શિબિર

દેશસેવા, શિસ્ત અને રાષ્ટ્રપ્રેમના સંસ્કાર યુવા પેઢીમાં મજબૂત બને તે હેતુસર માંડવી ખાતે 36 ગુજરાત બટાલિયન એન.સી.સી. ભુજ દ્વારા તારીખ 14 થી 23 જાન્યુઆરી દરમિયાન

સંયુક્ત ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં કચ્છની 36 શાળા, 12 કોલેજો ઉપરાંત એન.સી.સી. પીઆઈ સ્ટાફ અને સિવિલ સ્ટાફ મળી કુલ અંદાજે 600 જેટલા કેડેટ્સ જોડાઈ દેશસેવા માટેની કઠોર તાલીમ મેળવશે. કેમ્પ દરમિયાન કેડેટ્સના માટે જમવાની તથા રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

**--------------------------------------------------------------------------------**

## હવામાન

સમગ્ર રાજ્યની સાથે કચ્છમાં પણ તીવ્ર ઠંડીની અસર લોકો અનુભવી રહ્યા છે. અબડાસાના મુખ્ય મથક નલિયા 9.0 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે આજે રાજ્યના સૌથી ઠંડા સ્થળોમાં પ્રથમ ક્રમે રહ્યુ છે.

**--------------------------------------------------------------------------------**